

આત્મન ફાઉન્ડેશન અને માતૃભાષા અભિયાન દ્વારા રવિવારે ૫ સપ્ટેમ્બર, ઘ-૪ સર્કલ પર પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના ભુલકાઓથી માંડી મોટેરાઓ સુધીના નગરજનો આ પુસ્તક પરબના પુસ્તકો વાંચન માટે પ્રાપ્ત કર્યા હતા. આજના મોબાઈલ યુગમાં પુસ્તકો પ્રત્યેનો લગાવ સરાહનીય છે. (તસવીર : કશ્યપ નીમાવત)

# પાણીની મોટર ચાલુ કરતા લાગેલા કરંટથી મહિલાનું મૃત્યુ

## પેથાપુરમાં બપોરે બનેલો બનાવ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર વિસ્તારમાં આજે બપોરે એક વાગ્યાના અરસામાં પાણીની મોટર ચાલુ કરવા જતા એક મહિલાને કરંટ લાગ્યો હતો. તેણીને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કર્યો હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી તપાસ શરૂ કરી છે.

પેથાપુર ગામમાં રહેતા ૪૮ વર્ષીય ક્રિશ્નાબેન યોગેશકુમાર ભાવસાર આજે બપોરે એક વાગ્યાના અરસામાં પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરી રહ્યા હતા ત્યારે સ્વીચમાંથી અચાનક કરંટ લાગતા ચોંટી ગયા હતા. તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે શરીરે ગંભીર રીતે દાઝી જતાં વિજકરંટથી તેણીનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી જમાદાર અશોકસિંહે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજપૂત સમાજનો વિદ્યારત્ન સન્માન તથા પરિવાર દર્શન ડિરેક્ટરી વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

રાજપૂત સમાજ, સેક્ટર-૨૬, ગાંધીનગર દ્વારા 'વિદ્યારત્ન સન્માન સમારોહ' તથા 'પરિવાર દર્શન ડિરેક્ટરી વિમોચન' કાર્યક્રમ સેક્ટર-૨૭ના રંગમંચ ખાતે યોજવાનો છે. આ કાર્યક્રમમાં સમારંભ પ્રમુખ તથા ડિરેક્ટરી વિમોચન કર્તા તરીકે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત રહેશે. અન્ય મહાનુભાવોમાં મુખ્ય મહેમાન તરીકે જોઈન્ટ પોલીસ કમિશનર અમદાવાદ શહેરના સિદ્ધરાજસિંહ ભાટી, અતિથિવિશેષ જિલ્લા શિક્ષણાધિકારી ગાંધીનગરના શંભુસિંહ એમ. બારડ, માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી ડૉ. રચિતાબા ઋતુરાજસિંહ હાડા, ઈનામના દાતા બિપીનસિંહ ડી. વાઘેલા, તેમજ ભોજનના દાતા કડાના પૂર્વ સરપંચ જશવંતસિંહ ભૂરસિંહ ચાવડા હાજર રહી પ્રસંગને દિપાવશે. રાજપૂત સમાજના પ્રમુખ નરેન્દ્રસિંહ રાઠોડ, મહામંત્રી વિક્રમસિંહ ચાવડા તથા કારોબારી સભ્યો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન હાથ ધરાયું છે.

# ગાંધીનગરની વિવિધ મસ્જિદોમાં બકરી ઈદની નમાઝ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં ઈદુલ અજહા બકરી ઈદની નમાઝ વિવિધ મસ્જીદોમાં યોજાશે. આ વિવિધ મસ્જીદોમાં નમાજના સમયની વિગત જાહેર કરાઈ છે.

સેક્ટર-૨૮ ચરેડી ઈદગાહ ખાતે ઈદુલ અજહાની નમાઝ સવારે ૮-૦૦ વાગે યોજાશે. સે-૨૧ની જામા મસ્જીદ ખાતે ઈદુલ અજહાની નમાઝ સવારે ૮.૩૦ વાગે યોજાશે. સેક્ટર-૫ જકરીયા મસ્જીદ ખાતે ઈદુલ અજહાની નમાઝ સવારે ૮-૦૦ વાગે યોજાશે. પેથાપુર ખાતે આવેલ ઈદગાહમાં ઈદુલ અજહાની નમાઝ સવારે ૮ વાગે યોજાશે. સોમવારે ઈદુલ અજહાની નમાઝમાં મુસ્લિમ શ્રધ્ધાળુઓ ભાવપૂર્વક ભાગ લેશે.

# સિનિયર સિટિઝન્સ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીજયંતિના તા. ૨જી ઓક્ટોબરના દિવસે સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ ગાંધીનગર દ્વારા મહારાષ્ટ્ર ભવનમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં ૨૦ રક્તદાતાઓએ રક્તદાન કરેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા કાઉન્સીલના સભ્યો તથા શ્રી પી.આર. શાહનો મહત્તમ ફાળો હતો. ડૉ. મનોજ પટેલ અને સિવિલ હોસ્પિટલની ટીમે આ કામગીરીમાં સફળતાપૂર્વક કેમ્પ પુરો થાય ત્યાં સુધી કામગીરી અદા કરી હતી.

# ગાયત્રી શકિતપીઠ ખાતે ૧૧ કુંડીય યજ્ઞ દ્વારા ગાયત્રી મંત્રનું સમાપન કરાયું

## ધાર્મિક કાર્યક્રમની સાથે વ્યસનમુકિત અને સ્વચ્છતા અભિયાન જેવા સામાજિક કાર્યક્રમો પણ હાથ ધરાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૧ ખાતે આવેલ ગાયત્રી શકિતપીઠ ખાતે શારદીય નવરાત્રી મહોત્સવ દરમિયાન સમૂહ ગાયત્રી મંત્ર અનુષ્ઠાન અને અગિયાર કુંડી ગાયત્રી યજ્ઞ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ સાથે અહીં વ્યસન મુકિત અને સ્વચ્છતા અભિયાન જેવા સામાજીક કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા હતા.

સમગ્ર શારદીય નવરાત્રી દરમિયાન ગાયત્રી શકિતપીઠ ખાતે સમૂહ ગાયત્રીમંત્ર અનુષ્ઠાન યોજાયું હતું. જેની દશેરાના દિવસે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ દિવસે શકિતપીઠ ખાતે ૧૧ કુંડીય ગાયત્રીયનું પણ આયોજન હાથ ધરાયું હતું. જેમાં ૨૦૦થી વધુ સાધકોએ વિશ્વ કલ્યાણ અર્થે આહુતિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ પરિજનોએ વ્યસનમુકિતના તેમજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્લાસ્ટિકના ઉપયોગનો ત્યાગ કરવાના અને પોતાના ઘર આંગણ સહિત જાહેર સ્થળો અને શકિતપીઠ પરિસરને સ્વચ્છ રાખવાના શપથ લીધા હતા. આ પરિજનોએ કચરાનો હંમેશા સ્વ હસ્તે યોગ્ય નિકાલ કરવાનો સંકલ્પ કર્યો હતો.




પૂજ્ય બાપુની જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર દેશને ગંદકી મુક્ત કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે, ત્યારે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનના ભાગરૂપે સેક્ટર-૧૬ દેનાબેંક શાખાના અધિકારીઓએ પણ ઝાડુ પકડી સફાઈ હાથ ધરી હતી અને સ્વચ્છતા ત્યા પ્રભુતાના સંદેશને ચરીતાર્થ કર્યો હતો.

# બેફામ આવતી ટેન્કરે પોલીસની મોબાઈલ વાનને પાછળથી ટક્કર મારી

## ગીયોડ પાસે શંકાસ્પદ ઉભેલા ટ્રકને પોલીસ જોવા ગઈ અને પાછળથી ધસમસતી આવતી ટેન્કરે પોલીસ વાનને ઉછાળી : હોમગાર્ડ જવાન ઘાયલ : ટેન્કરનું કેબીન ઉછળીને બહાર પડ્યુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક છાલાથી ચિલોડા જતા માર્ગ પર ગઈ મોડી સાંજે એક શંકાસ્પદ ઉભેલી ટ્રકને ચેક કરવા નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલી ચિલોડા પોલીસ મોબાઈલ વાન સાઈડમાં પાર્ક કરીને નીકળી તે દરમ્યાન પાછળથી બેફામ ગતીએ નીકળેલી એક ટેન્કર પોલીસની મોબાઈલ વાન સાથે ધડાકાભેર ટકારાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેન્કરનું કેબીન આખુ ઉછળીને ડીવાઈડર પર પડ્યું હતું. જ્યારે એક હોમગાર્ડ જવાન ઘાયલ થયો હતો. સદ્દભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. આ અકસ્માતથી પચાસેક મીટર દૂર જ કન્ટેનર અને ઈકો ગાડી વચ્ચે પણ અકસ્માત સર્જાયો હતો. ચિલોડા પોલીસે બન્ને ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

ચિલોડા પોલીસ ગઈ કાલે મોડી સાંજે મોબાઈલ વાન સાથે પેટ્રોલીંગમાં હતી ત્યારે છાલાથી ચિલોડા રોડ પર ગિયોડ નજીક એક ટ્રક બંધ હાલતમાં સાઈડમાં પડેલો જોઈ શંકા જતા મોબાઈલ વાન ઉભી કરી દઈ ચેક કરવા ગયા હતા. તેટલામાં પાછળથી બેફામ ગતિએ આવતા ટેન્કરે પોલીસની ઉભેલી મોબાઈલ વાનને પાછળથી જબરદસ્ત ટક્કર મારતા મોબાઈલવાન રસ્તા પરથી સાઈડમાં ઉતરી જઈ ઝાડ સાથે ટકરાઈ હતી અને ટેન્કરનું આખુ કેબીન છુટુ થઈ જાણે રસ્તા વચ્ચે ડીવાઈડર નજીક જઈને પડ્યું હતુ. આ અકસ્માતમાં હોમગાર્ડ બિપીનભાઈને ઈજાઓ થવા પામી હતી. સદ્દભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી. જ્યારે આ અકસ્માતથી થોડે જ દૂર એક કન્ટેનરની પાછળ ઈકો ગાડી ઘુસી જતા બીજો એક અકસ્માત પણ સર્જાયો હતો.



(તસવીર : નટુભાઈ પટેલ)

# જય અંબે પરિવાર દ્વારા રાવણ દહન અને રામલીલા સાથે નવરાત્રી મહોત્સવનું સમાપન કરાયું

## સે-૧૪માં સોલ્ટ માઉન્ટેન નજીક ૧૦૧ દિવડાંની આરતી સાથે કાર્યક્રમ યોજાયો : બાળકોએ વેશભૂષા અને મહિલાઓએ અર્વાચીન ગરબા રજૂ કર્યા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૧૪માં મહાત્મા મંદિરના સોલ્ટ માઉન્ટેન નજીક દશેરાના પવિત્ર તહેવાર નિમિત્તે જય અંબે પરિવાર દ્વારા રામલીલા, રાવણ દહન અને ૧૦૧ દિવડાંની મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમોની સાથે નૃત્ય, ગરબા, વેશભૂષા વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ રાવણ દહન કાર્યક્રમ દરમિયાન યોજાયેલ વેશભૂષામાં ભગવાન રામ, લક્ષ્મણ અને હનુમાનજીના પાત્રો ઉપરાંત બાળકોએ ઝાંસીની રાણી, ડોરેમોન, રાજકુમાર જેવા વિવિધ પાત્રો પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ ફોક ડાન્સ, તલવાર બાજી અને ગીતોની રમઝટ રજૂ કરી હતી જયારે મહિલાઓએ દિવા સાથેની મટુકી માથે મુકી અર્વાચીન ગરબા રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની થાઈલેન્ડ ની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહેલી વોલીબોલની ટીમના ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે સીબીઆઈ ઓફિસર શર્માજીના ધર્મપત્નિ ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત અન્ય મહેમાનોમાં આરએસએસના ચંદ્રકાન્ત રાવલ, મહેન્દ્ર ચૌહાણ, ઉષાબેન ચૌહાણ, શ્યામાબેન ગુપ્તા, સંજય ગુપ્તા સહિત અનેક વસાહતીઓ અને મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયાં હતા અને તમામ લોકોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.




યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૬, બ્રહ્મભવન ખાતે સાર્વજનિક ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ઘણી મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો. આ ચિકિત્સા કેમ્પમાં શહેરને સ્વચ્છ રાખવાની શીખ પણ આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪

સૂર્યાસ્ત : ૬.૨૧

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૪૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

હૈદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

હૈદર : ૧૧.૦૦

૩ એ.એમ. : ૨.૩૦

ખૂબસૂરત : ૪.૪૫

ગોવિંદુદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બેંગ બેંગ : ૧૦.૦૦

હૈદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હૈદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

હૈદર : ૧૨.૩૦, ૬.૩૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે.

**મિથુન** : પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે.કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. સોમાભાઈ માધવલાલ પટેલ (ઉ.વ.૬૯) પ્લોટ નં. ૪૧૬/૨, વિશ્વકર્મા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. સોમીબેન અરજણજી ઠાકોર (ઉ.વ.૨૫) મુ. બોરીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. નારણભાઈ અમરચંદ મોદી (ઉ.વ.૮૦) ૪૬, હરસિદ્ધનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. પૂંજાભાઈ વેરસિંહજી રાણા (ઉ.વ.૪૯) સેક્ટર-૨૪, ઈન્દિરાનગર છાપરાં, ગાંધીનગર
- સ્વ. સુરસંગજી નાથાજી ઠાકોર (ઉ.વ.૭૨) ગામ - દંતાલી, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ.સવિતાબેન આત્મારામ પ્રજાપતિ (ઉ.વ.૬૭) પોટેટો હાઉસની પાછળ, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ઉ.વ.૭૭) પ્લોટ નં. ૨૨૯/૨, સેક્ટર-૩એ (ન્યુ), ગાંધીનગર